**।। શ્રી મહાવીરાય નમઃ।।**

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**સંચાલિત**

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૯** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (૧૦)**

૧. અતિથિ સંવિભાગ એટલે શું?

૨. લોગસ્સ અને નમોત્થુણંમાં શું ફરક છે?

૩. ગુરુવંદનાના પ્રકાર કેટલા છે? કયા કયા? મધ્યમ વંદના કેવી રીતે કરવી જોઈએ?

૪. જિનમાર્ગને અન્યમાર્ગ માને તે મિથ્યાત્વ કઈ રીતે લાગે?

૫. ચોથા શ્રમણસૂત્રમાં ૧ થી ૩ બોલમાં જાણવાના, આદરવાના અને છોડવાના કેટલા? કયા કયા?

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. આસ્રવ કેટલા છે? કયા? કયા? ઓઘ બંધ એટલે શું? તેમાં કયા કર્મની કેટલી પ્રકૃતિઓ છે? (૪)

૨. ત્રીજા ગુણસ્થાનના છેડે કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે? (૧)

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે? (૫)**

૧. જિનનામ ૨. શ્રુતજ્ઞાનાવરણીય ૩. નિદ્રા ૪. યશોકીર્તિ ૫. ઉદ્યોત નામ

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અત્થિ મે આયા ઉવવાઈએ નત્થિ મે આયા ઉવવાઈએ કે અહં આસી? કે ઈઓ ચુઓ ઈહ પેચ્ચા ભવિસ્સામિ આ ગાથાનો ભાવાર્થ લખો. (૩)

૨. શેમાં હીનતા નથી? શેની સ્પૃહા કરવાની નથી? શા માટે? (૨)

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બીજી સુખશય્યા કઈ છે? ૨. ત્રીજી અંતક્રિયા લખો. (૨×૩)

૩. લોક ઉદ્યોતના કારણો કયા છે? ૪. કયા ચાર સ્થાન સમાન કહ્યા છે? (૨×૨)

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અદીનશત્રુ રાજા કોણ હતા? ચિત્રકારે અદીનશત્રુ રાજાને શું કહ્યું?

૨. મલ્લિકુમારીના માતા–પિતા–ભાઈનું નામ લખો. તેમનો જન્મ ક્યારે થયો હતો?

૩. મલ્લિનાથ ભગવાનને કેવળજ્ઞાન ક્યાં, કેવી રીતે અને ક્યારે થયું?

૪. મલ્લિકુમારીએ પોતાની સમાન પ્રતિમા બનાવીને શું કર્યું?

૫. પિશાચે અર્હન્નક શ્રાવકને શું ધમકી આપી અને ક્રોધિત થઈને તેણે શું કર્યું?

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કોણિક ગર્ભમાં હતો ત્યારે ચેલ્લણા દેવીને શું વિચાર આવ્યો હતો?

૨. કાલકુમાર વર્તમાને ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

૩. પહેલીવાર ચેટક રાજા પાસે જઈને કોણિકના દૂતે શું કીધું?

૪. કાલી દેવીએ ભગવાન મહાવીર સ્વામીને શું કહ્યું?

૫. શ્રેણિકે પોતાના પુત્રનું નામ શું પાડ્યું? શા માટે?

(૨૦)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. દેવે ચૂલણીપિતાની માતાને મારવાની વાત કરી ત્યારે ચુલણીપિતાએ શું વિચાર્યું? (૪)

૨. ચૂલણીપિતાની પત્નીનું નામ શું હતું? તેમની ધન-સંપત્તિનું વર્ણન કરો. (૨×૩)

૩. દેવે ચૂલણીપિતાના પહેલા પુત્ર સાથે શું કર્યું?

૪. ચૂલણીપિતાને નીડર જોઈને બીજી વાર દેવે શું કહ્યું?

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. છ સહોદર ભાઈના વક્ષસ્થળ અને શરીરની કાંતિ કેવી હતી?

૨. દેવકીએ ત્રીજા સંઘાડાને ગોચરી વહોરાવીને શું કહ્યું?

૩. કૃષ્ણ વાસુદેવે દેવકીને કેવી રીતે ધૈર્ય બંધાવ્યું?

૪. ગજસુકુમારે ચોથા પ્રહરે ભગવાન અરિષ્ટનેમિને શું કહ્યું?

૫. ગજસુકુમાર મુનિએ કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું?

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. જે યાવિ ...... મંદો ૨. લજ્જા ...... પૂયયામિ ૩. અભિગમ ...... મપ્પણો

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. ચાર ગતિરૂપ સંસારમાં ગોથા કોણ ખાય છે? ૨. વૃક્ષની જેમ કોણ વધે છે?

૩. સાધુનો ધર્મ શું છે? શું સમભાવે સહન કરવાનું છે?

(૧૦)

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૮ આત્મામાં વધારે આત્મા કયા? શા માટે? ૨. ત્રીજી જાગરિકા કઈ છે? તેનું સ્વરૂપ સમજાવો.

૩. યોગ આત્માનું સ્વરૂપ સમજાવો. ૪. વીર્ય આત્મામાં આવતા શબ્દો અને અર્થ લખો.

૫. ધર્મ જાગરિકાના કેટલા અને કયા ભેદ છે? આચાર ધર્મના કેટલા ભેદ છે?

(૧૦)

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કીડી, વીજળી, સ્ત્રી રત્ન અને દેવને કઈ કઈ યોનિ હોય? (૪)

૨. શીત આદિ યોનિનો અલ્પ બહુત્વ લખો. (૨×૩)

૩. જેની સમુદ્‌ઘાત લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનું સ્વસ્થાન ક્યાં હોય? તેમાં જીવના ભેદ કેટલા? કયા?

૪. જેનું સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં હોય તેનો ઉપપાત અને સમુદ્‌ઘાત લખો.

**જય – જિનેન્દ્ર**

**❋ Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**

**❋ Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**